॥ શ્રી ગણેશાય નમઃ ॥ ॥ શ્રી મોમાઈ માં ॥ ॥ જય સુરાપુરા દાદા ॥

# શ્રી પોપટ પરિવાર નાકરબાપા ટ્રસ્ટ - રાજકોટ




**વી.જી. પોપટ**
**ફ્લેટ નં. ૩૦૨, શ્રી હરી એપાર્ટમેન્ટ**
**ગોપાલનગર મેઈન રોડ, હવેલી પાસે, રાજકોટ-૩૬૦૦૦૨**
**ફોન : ૦૨૮૧-૨૩૬૦૦૭૭ મો. ૯૮૨૪૨ ૮૪૪૩૪**
**મોમાઈ માતાજી મંદિર ફોન : ૦૨૮૯૮ ૨૨૧૫૧૭,**
**: મો. ૯૯૭૯૯ ૧૧૪૮૫**
**Web : www.popatparivar.com**

**સ્નેહી શ્રી,**

પૂ. કુળદેવી શ્રી મોમાઈ માતાજી તથા સુરાપુરા શ્રી નાકરબાપાની અસીમ કૃપા તથા આશીર્વાદથી સમગ્ર પોપટ પરિવારના કુળદેવી શ્રી મોમાઈ માતાજીનો ૩૭મો વાર્ષિક હવન સવંત ૨૦૭૯ ના મહા સુદ ૮ને રવિવાર તા. ૨૯-૧-૨૦૨૩ ના રોજ પૂ. માતાજીના મંદિર જામજોધપુર મુકામે યોજાયેલ છે. પૂ. માતાજીના આ હવનમાં આપ સર્વે કુટુંબીજનો આપના કુટુંબ કબીલા સહિત હાજરી આપીને પૂ. માતાજીના દર્શન, પુજન, અર્ચનનો લાભ લેશો એવી અમારી અંતરની અભિલાષા છે.

**માંગલીક પ્રસંગો**

**શુભ દિવસ :-** **સવંત ૨૦૭૯ ના મહા સુદ ૮ ને રવિવાર તા. ૨૯-૧-૨૦૨૩**
**શુભ સ્થળ :-** **શ્રી મોમાઈ ધામ ગીંગણી રોડ, જામજોધપુર (જી. જામનગર)**
**હવન પ્રારંભ :-** **સવારે ૬:૦૦ કલાકે**
**પુજન વિધી :-** **સવારે ૬:૩૦ કલાકે**
**હોમાત્મક કાર્ય :-** **સવારે ૯-૦૦ થી ૧૨-૦૦ કલાકે**
**બીડુ હોમવાનો સમય :-** **બપોરે ૧૨-૩૦ કલાકે**

હવનના યજમાન પદે દર વર્ષની માફક આ વર્ષે પણ ૫ (પાંચ) દંપતિઓને બેસાડવામાં આવશે. મુખ્ય યજમાન તરીકે શ્રી વિપુલકુમાર દિનેશભાઇ પોપટ રહેશે. જેમાં પૂ. માતાજીના સમક્ષ હવનના આગલા દિવસે ૪ યજમાનો ડ્રો પધ્ધતીથી નકકી કરવામા આવશે. હવનના યજમાન માટે પરદેશથી આવતા કુટુંબીજનો માટે એક જગ્યા અનામત રાખવામાં આવે છે જો કોઇ દંપતિ પરદેશથી આવશે તો એક જગ્યા તેને ફાળવવામાં આવશે તેવા કિસ્સામાં ત્રણ જગ્યા માટે ડ્રો કરવામાં આવશે.

આ હવનના આચાર્ય પદે શાસ્ત્રી શ્રી જગદીશભાઇ કનૈયા (રાજકોટ) રહેશે.

હવનની પુર્ણાહુતી બાદ આપણે સૌ કુટુંબીજનો સાથે મળીને માતાજીનો પ્રસાદ શ્રી લોહાણા મહાજન વાડી જામજોધપુર મુકામે લઈશું હવનમાં આવેલ સર્વે કુટુંબીજનો ને પ્રસાદ લેવાનું અમારૂ ભાવભર્યુ આમંત્રણ છે.

**લી. દર્શનાભિલાષી**

| | | |
|---|---|---|
| **વ્રજલાલ ગોપાલજી પોપટ**<br>**પ્રમુખ** | **અજય ભરતભાઇ પોપટ**<br>**ઉપપ્રમુખ** | **હરેન ઓધવજીભાઇ પોપટ**<br>**મંત્રી** |

**તથા સમગ્ર ટ્રસ્ટી મંડળ ના જય મોમાઈ માં, જય નાકરબાપા**

**આપ હવનના યજમાન બનવા ઈચ્છા ધરાવો છો ? તો આપ નીચેની સુચનાઓ ધ્યાનથી વાંચી ને તે મુજબ અમલ કરશો તેવી વિનંતી છે.**

૧. પૂ. માતાજીનાં યજમાન બનવા ઈચ્છા રાખતા દરેક કુટુંબને અમારૂ ભાવભર્યુ આમંત્રણ છે.

૨. હવનમાં યજમાન બનવા ઈચ્છા ધરાવનારે સજોડે તા. ૨૮-૧-૨૦૨૩ ના રોજ સાંજના ૫:૦૦ સુધીમાં સજોડે જામજોધપુર પહોંચવાનું રહેશે.

૩. જામજોધપુર પહોંચ્યા બાદ પૂ. માતાજીનાં મંદિરે ગોલખ પેટી પાસે રાખવામાં આવેલ ડબ્બામાં આપના બન્નેના નામ તથા ગામનું નામ લખીને ચીઠી નાખવી.

૪. સાંજના ૬:૩૦ વાગ્યે માતાજીની આરતી બાદ ઉપસ્થીત કુટુંબીજનોની હાજરીમાં ચીઠીઓ વાંચી સંભળાવીને તથા ચીઠી નાખનાર સજોડે હાજર છે તેની ખાત્રી બાદ તેનું નામ રજીસ્ટરમાં લખવામાં આવશે.

૫. બધા જ નામની ચકાસણી કર્યા બાદ તથા રજીસ્ટરમાં નોંધ કર્યા બાદ બધી જ ચીઠી ફરીથી ડબામાં નાખીને તેમાંથી જરૂરી સંખ્યામાં ચીઠી કુમારીકાના હસ્તે ઉપાડવામાં આવશે તેમાં જે દંપતીના નામ આવશે તેઓ હવનમાં યજમાન બનશે.

૬. ચીઠી દ્વારા માતાજી જે કુટુંબ પર યજમાન પદનો કળશ ઢોળશે તેઓ એ દેહશુધ્ધિના કપડા પુરૂષ માટે ધોતિયુ તથા ઝભ્ભો અને સ્ત્રીના ત્રણ કપડા કોરા (નવા જ) લેવાના રહેશે. તેમજ પૂ. માતાજી તથા પૂ. સુરાપુરા દાદાના નૈવેધનો ખર્ચ વરાડે ભોગવવાનો રહેશે આ ઉપરાંત છેડા છેડી માટે ખેસ તથા ચુંદડી લેવાના રહેશે.

૭. પૂ. માતાજીનાં તથા નાકરબાપાના નૈવેધ તથા પૂ. માતાજીની ગોરણી જમાડવાની વ્યવસ્થા યજમાનો એ કરવાની રહેશે.

૮. આપને ખાસ વિનંતી કે આપનો વારો યજમાન તરીકે અગાઉ આવી ગયેલ હોઇ તો અને આપની સાથે જ નાના કે મોટા ભાઇ રહેતા હોઇ તો તેવા કુટુંબીજનોએ ફરીવાર હવનમાં યજમાન બનવા ચીઠી નાખવી જોઇએ નહી જેથી આપણા જ અન્ય કુટુંબીજનો લાભ મેળવી શકે.

૯. હવનમાં કોઈપણ ન્યોચ્છાવર કે ઉછામણી થતી નથી તે આપણા પરિવારની વિશીષ્ટતા છે અને તે આપણે જાળવવી જોઇએ જેથી આપણી ભવિષ્યની પેઢી પણ ઉદારતા દાખવશે અન્ય કુટુંબીજનો પ્રત્યે સમર્પણ અને સદભાવનાનો દાખલો બેસાડી શકે.

**ખાસ નોંધ :-**

૧. વર્ષ ૨૦૨૩ નાં હવનથી કંકોત્રી ટપાલમાં મોકલવાને બદલે ઈલેકટ્રોનીક સાધનોના ઉપયોગથી જ મોકલવાનું નકકી કરવામાં આવેલ છે. જેની ખાસ નોંધ લેશો.

૨. આપ પૂ. માતાજી તથા પૂ. સુરાપુરા દાદાને કંઈપણ ન્યોચ્છાવર (ભેટ) આપવા માંગતા હો તો તે ડાયરેકટ બેંકમાં જમા કરાવી શકો છો શ્રી પોપટ પરિવાર નાકરબાપા ટ્રસ્ટનાં નામથી બેંક ઓફ બરોડા જામજોધપુર બ્રાંચના એકાઉન્ટ નં. **179 5010 000 5010** છે. બેંક ઓફ બરોડાના **IFSC CODE : BARB0JAMJOD** છે. પૈસા જમા કરાવ્યાની જાણ ટેલીફોનથી ટ્રસ્ટ નાં મોબાઇલ નં. ૯૯૭૯૯ ૧૧૪૮૫ ઉપર કરશો તેથી તે મુજબ રસીદ મોકલી શકાય.

૩. દરરોજના દસ રૂપિયા બચાવવાની યોજના મુજબ બચત પેટી મંદિરે આપીને નવી બચત પેટી મેળવી લેશો બચત પેટી ઉપર આપનું નામ સરનામું તથા ટેલીફોન નંબર અવશ્ય લખશો.